BUSINESS મિત્ર

શેરબજાર રીબાઉન્ડ: સેન્સેક્સે 75000, નિફ્ટીએ 22800 પોઇન્ટની સપાટી કુદાવી

નિફ્ટી એક મહિનાના ઉપલા સ્તર પર બંધ અને બેન્ક નિફ્ટીએ 49000ને પાર

સેન્સેક્સ 1131.31 પોઇન્ટ ઉછળ્યો, રોકાણકારોએ રૂ. 7 લાખ કરોડની કમાણી કરી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 18: ઘણા લાંબા સમય બાદ ભારતીય શેરબજારમાં એક શાનદાર તેજી જોવા મળી હતી. આજે ભારતીય શેરબજારમાં નિફ્ટીએ એક મહિનાની ઉપલી સપાટી પર પહોંચી ગયા છે. જ્યારે શેરબજારે બે મહિનાની ઉંચી સપાટીની ઉપર બંધ રહી હતી. જેના લીધે સેન્સેક્સ 75000, નિફ્ટી 22800 અને બેન્ક નિફ્ટી 49000 પોઇન્ટની સપાટી કુદાવીને બંધ રહેવામાં સફળ રહ્યા હતા. જેના લીધે રોકાણકારોએ રૂ. 7 લાખ કરોડની કમાણી કરી છે.

સેકટરોની વાત કરીએ તો આજે તમામ સેકટરોમાં તેજીનો દોર જોવા મળ્યો હતો. જેમાં ખાસ કરીને મીડિયા, રિયલ્ટી અને કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં સૌથી વધુ મજબૂતાઈ જોવા મળી હતી. શેરબજારમાં તેજી ચોતરફ રહી હતી. બ્રોડર માર્કેટમાં તેજીનો દોર જોવા મળ્યો હતો, જેઓએ ફ્રન્ટલાઇન શેરોની સરખામણીએ વધુ સારૂં પ્રદર્શન જોવાયું હતું. આ ઉપરાંત, ફેડરલ રિઝર્વની બેઠક પર રોકાણકારોની નજર છે, જે બુધવારે પુરી થશે.

રૂપિયો વધુ મજબૂત થયો, 25 પૈસા ઉછળ્યો

કરન્સી બજારમાં રૂપિયો વધુને વધુ મજબૂત થઇ રહ્યો છે. આજે સતત બીજા દિવસે રૂપિયામાં તેજી જોવા મળી હતી. ડોલરની સામે રૂપિયો 25 પૈસા ઉછળીને 86.56ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 86.81ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 94.09, પાઉન્ડ 112.42, કેનેડિયન ડોલર 60.53, ઓસ્ટ્રેલિયન ડોલર 55.40, જાપાનીઝ યેન 0.5783 અને સીંગાપોર ડોલર 65.09ના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ રૂ. 400.02 લાખ કરોડ થયું હતું. આમ, ફરીથી માર્કેટ કેપ રૂ. 4000 લાખ કરોડને પાર નીકળ્યું હતું. જે ગત સેશનમાં રૂ. 392.80 લાખ કરોડનું થયું હતું. આમ, એક દિવસમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. 7.22 લાખ કરોડનો વધારો થયો છે.

2025ના ફેબ્રુઆરી મહિનામાં ભારતની ચીજવસ્તુઓની નિકાસ 36.91 અબજ ડોલર હતી, જે ફેબ્રુઆરી 2024માં 41.41 અબજ ડોલર હતી, જેમાં આશરે 11 ટકાનો ઘટાડો નોંધાયો હતો. જ્યારે ફેબ્રુઆરીમાં માલની આયાત 50.96 અબજ ડોલર હતી, જે ગત ફેબ્રુઆરી, 2024માં 60.92 અબજ ડોલરની હતી, જે 16.34 ટકા ઓછી છે.

બીએસઇ ખાતે 65 શેરો બાવન વીકના નવા ઉચ્ચ સત્ર પર પહંચ્યા હતા, જ્યારે 294 શેરો બાવન વીકના નીચલા સ્તરને સ્પર્શ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 1131.31 પોઇન્ટ એટલે કે 1.53 ટકા ઉછળીને 75000 પોઇન્ટની સપાટી કાદવીને 75301.26 પોઇન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 75385 પોઇન્ટના સ્તર સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74480 પોઇન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટીએ 22800 પોઇન્ટની સપાટી કુદાવી હતી. આજે નિફ્ટી 325.55 પોઇન્ટ એટલે કે 1.45 ટકા વધીને 22834.30 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22857 પોઇન્ટની સપાટી સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22599 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 960.35 પોઇન્ટ એટલે કે 1.99 ટકા વધીને 49000 પોઇન્ટની સપાટી કુદાવીને 49314.50 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે બ્રિગ્રેડ એન્ટરમાં 144.35 ગણા, એપીએલ અપોલો ટયુબ્સમાં 33.91 ગણા, પીબી ફિનટેકમાં 7.49 ગણા, ક્રોમ્પ્ટ્રોન ગ્રીઝમાં 4.57 ઘણા, ઇરકોન ઇન્ટરનેશનલમાં 4.48 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે માસ્ટેક લિ.માં 22.75 ગણા, રેમન્ડ લિ.માં 10.87 ગણા, ઇરકોન ઇન્ટરનેશનલમાં 7.69 ગણા, રત્નમણિ મેટલ્સમાં 6.8 ગણા અને ક્લિલોસ્કર ઓઇલમાં 4.74 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટ ઉછળ્યા હતા. જે ફ્રન્ટલાઇન શેરોની સામે સુંદર પ્રદર્શન કર્યુ હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 2.10 ટકા વધ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ 2.73 ટકા ઉછળ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયું હતું. બીએસઇ ખાતે 2828 શેરો વધ્યા હતા, જ્યારે 1207 શેરો ઘટયા હતા અને 124 શેરો યથાવત રહ્યા હતા.

બીએસઇ એસએમઇ પીડીપી શીપીંગના આઇપીઓનું આજે 19.81 ટકા ડિસ્કાઉન્ટ સાથે રૂ. 108.25ના ભાવે લિસ્ટીંગ થયું હતું. કંપનીએ રૂ. 135ના ભાવે ઓફર કર્યો હતો. કંપનીનો આઇપીઓ 0.22 ગણા છલકાયો હતો.

વૈશ્વિક સ્તરે આજે ડાઉ જોન્સ ફયુચરમાં 112 પોઇન્ટનો ઘટાડો નોંધાયો છે, જેના પગલે અમેરિકન બજારો નકારાત્મક ખુલવાના સંકેત છે. બીજી તરફ, બર્લિનમાં સાસંદોએ જર્મનીના કહેવાતા ડેટ બ્રેક સુધારા પર મતદાન કર્યુ હોવાથી યુરોપિયન બજારો આજે સુધારા સાથે ચાલી રહ્યા છે. જેનાથી સંરક્ષણ ખર્ચમાં વધારાને ભંડોળ પુરૂં પાડવા માટે જાહેર ઉધારમાં વધારો થયો હતો.

ચીને સ્થાનિક વપરાશને ઉત્તેજન આપવા તથા વિદેશી રોકાણને આકર્ષિત કરવાના હેતુથી એક નવો વિશેષ એકશન પ્લાન રજૂ કર્યો છે. આ યોજના કેટલાક ચાવરૂપ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આવક વધારા અને નાણાકીય બોજનો ઘટાડો કરીને ગ્રહાકોનો વિશ્વાસ વધારવો, નિયમનકારી અનિશ્ચિતતાઓને દુર કરીને અને બોન્ડ ઓફરિંગનું વિસ્તરણ કરીને નાણાકીય બજારોને સ્થિર કરવા, અને આખરે યુએસની કથિત અસ્થિરતાની તુલનામાં ચીનને વધુ વિશ્વસનીય રોકાણ વિકલ્પ તરીકે સ્થાન આપવું. બેન્ક ઓફ જાપાનની મોનેટરી પોલિસીની બેઠક મંગળવારે શરૂ થઇ રહી છે, ત્યારે રોકાણકારો જાપાનના બજાર પર નજર રાખશે. જોકે, કેન્દ્રીય બેન્ક વ્યાજદર યથાવત રાખે તેવી અપેક્ષા છે.

યુરોપિનય બજારોમાં એફટીએસઇ 0.35 ટકા, કેક 0.54 ટકા અને ડેક્સ 1.18 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.189 ટકા, સ્ટ્રેઇટસ 0.91 ટકા, હેંગસેંગ 2.40 ટકા, તાઇવાન 0.69 ટકા, કોસ્પી 0.06 ટકા અને શાંઘાઇ 0.11 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 3.99 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	1131.31	75301.26
નિફ્ટી	325.55	22834.30
બેન્ક નિફ્ટી	960.35	49314.50

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ICICI બેન્ક	3.22	1309.85
મહિન્દ્રા-મહિન્દ્રા	3.19	2791.40
લાર્સન-ટુબ્રો	3.06	3270.70
શ્રીરામ ફાઇનાન્સ	3.06	642.30
ટાટા મોટર્સ	2.87	680.05

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફિનસર્વ	1.44	1844.65
ભારતી એરટેલ	0.72	1627.30
ટેક મહિન્દ્રા	0.66	1430.65

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઝોમેટો	7.11	218.35
ICICI બેન્ક	3.25	1309.60
મહિન્દ્રા-મહિન્દ્રા	3.07	2787.00
ટાટા મોટર્સ	2.86	679.80
લાર્સન-ટુબ્રો	2.77	3271.05

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફિનસર્વ	1.43	1845.00
ભારતી એરટેલ	0.69	1628.15
ટેક મહિન્દ્રા	0.59	1431.15
રિલાયન્સ	0.13	1238.80

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ”	૧૨૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૮૪	૫૦/૩૬ ”	૧૨૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૯૫	૫૦/૪૮ SD/કેપ	૧૭૧	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૭૩.૫
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૯	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૩૦.૫
૬૮/૩૬	૧૨૭	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૭.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૭	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૭.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૧	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૪.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૧	૮૦/૭૨ રોટો	૧૨૮	૭૫ ક્રિમ્પ	૧૨૩.૫
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૩૬	૮૦ ક્રિમ્પ	૧૨૮
૮૦/૭૨ રોટો.	૧૨૭	૧૬૦ ડીસ્કેટ	૧૩૬	૮૦/૭૨ રોટો	૧૨૭
૮૦/૩૬ રોટો.	૧૨૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૯	૮૦/૧૦૮ ”	૧૨૯	૩૦/૩૬ એફડી	---

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૫૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૪૦૦	વનસ્પતિ ઘી	૨૫૪૦
સીંગતેલ (૫ લી)	૮૬૦	સનફલાવર	૨૩૨૦
કપાસીયા (૧૫ કિ.)	૨૪૮૦	તલતેલ	૫૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૨૮૦	દિવેલ	૨૪૦૦
કપાસીયા (૫ લિ.)	૮૪૦	મકાઇ તેલ	૨૪૫૦
સરસીયું તેલ	૨૬૮૦		

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૯૧૩૦૦
તેજાબી સોનું	૯૧૨૮૦
દાગીના-૨૨ કેરેટ	૮૬૮૨૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૮૯૫૬૦
સોનાનાં બિસ્કીટ	૯૧૩૭૦૦
ચાંદી (૯૯૯)	૧૦૩૨૦૦
ચાંદી સિક્કા	૧૦૪૭૦૦

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૪૦૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

સરકારને વોડફોન આઈડિયાની એક્સપાન્સન યોજના પર વિશ્વાસ

નવી દિલ્હી, તા. 18: ટેલિકોમ પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ વોડાફોન આઈડિયાના 4જી અને 5જી નેટવર્કના વિસ્તરણ યોજના પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ટેલિકોમ માર્કેટમાં તંદુરસ્ત સ્પર્ધા જાળવવા પર પણ ભાર મુક્યો હતો. 18મી માર્ચના રોજ તેમણે કહ્યું હતું કે, વોડાફોન આઈડિયામાં સરકારનો લગભગ 23 ટકા હિસ્સો છે. મોબાઈલ માર્કેટમાં વોડાફોન આઈડિયાનો લગભગ 9.5 ટકા હિસ્સો છે. તેમણે કહ્યું કે, સરકારની વિચારસરણી એ છે કે ટેલિકોમ માર્કેટમાં સારી સ્પર્ધા હોવી જરૂરી છે. દુનિયામાં બહુ ઓછા બજારો છે, જેમાં માત્ર ચાર જ કંપનીઓ છે. ભારત તેમાંનું એક છે. અમારી ચાર કંપનીઓ છે. તેમણે કહ્યું કે, વોડાફોન આઈડિયાએ ઈક્વિટીથી 20થી 25 હજાર કરોડ એકઠા કર્યા છે. કંપની હવે વિસ્તરણ યોજના સાથે આગળ વધી શકે છે. એવું કહેવામાં આવે છે કે કંપનીની ડેટ ફંડિગ યોજના એજીઆરની ભૂતકાળની બાકી રકમ પર સરકાર કેટલી રાહત આપે છે તેના પર નિર્ભર કરે છે. આ અંગે પુછતા તેમણે કંઈ પણ કહેવાનો ઈન્કાર કરી દીધો હતો.

એવી ચર્ચા છે કે સરકાર એજીઆરની બાકી રકમ માફ કરી શકે છે. આ અંગે પુછવામાં આવતા તેમણે કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. હું અત્યાર તેના પર કોઈ ટિપ્પણી કરીશ નહીં કારણ કે મારી પાસે કેસ નથી. વોડાફોન આઈડિયાના સીઈઓ અક્ષય મુન્દ્રાએ 12 ફેબ્રુઆરીએ કહ્યું હતું કે, કંપનીને વિશ્વાસ છે કે સરકાર એજીઆર મુદ્દે કોઈ સમાધાન શોધી કાઢશે. વોડાફોન આઈડિયામાં સરકાર મુખ્ય શેરહોલ્ડર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બેન્ક ગેરન્ટીમાં તાજેતરમાં જે છુટછાટ આપવામાં આવી છે તે સ્પષ્ટ સંકેત છે કે સરકાર જરૂરી સુધારા દ્વારા ટેલિકોમ સેકટરને મદદ કરવા કટિબદ્ધ છે. મુન્દ્રાએ પુષ્ટિ આપી હતી કે, વોડાફોન આઈડિયાએ દેવું ચુકવવા અંગે બેન્કો સાથે ચર્ચા શરૂ કરી છે. જોકે, એજીઆર મુદ્દે અને સરકારના અંતિમ વલણ અંગે ચિત્ર સ્પષ્ટ થાય તેની રાહ જોઈ રહી છે.

દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

દીપનીય અમ્લવેતસ

દીપનીય અર્થાત્ ભૂખ લગાડનાર. ખાટું, તીખું, મળ ભેદી, લઘુ અને અનુલોમક હોઈ ઉત્તમ દીપનીય છે. ચૂર્ણ 3 ગ્રામ રોજ બે વાર આપવું.

સુડોકુ - 'કૃતિ'

૭					૮		૪	૨
	૨	૮			૧	૩	૫	
		૧			૨	૯		
		૬			૪	૭		૩
	૧	૭				૨		૪
	૩				૭			
		૨	૪			૬	૭	૯
૯			૮	૧		૪		
૬	૪		૭	૨	૯	૮		૧

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૬	૭	૭	૨	૨	૭	૫	૬
૫	૨	૨	૬	૭	૭	૬	૨	૨
૭	૭	૫	૬	૬	૬	૨	૭	૭
૨	૬	૭	૫	૭	૨	૬	૬	૭
૨	૬	૭	૫	૭	૨	૬	૬	૭
૬	૨	૭	૨	૬	૭	૨	૬	૭
૭	૭	૬	૨	૬	૭	૫	૭	૨
૭	૭	૨	૭	૬	૭	૭	૭	૭
૭	૭	૭	૭	૭	૭	૭	૭	૭

૭૬૧૬-૨૬૬૧ ફ્રીફ્રિ

શબ્દગુંફન - ૬૯૨૦
અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. હાથમાં ત્રિશૂળ ધરાવનારા શંકર (૪)
૪. નમેલું (૨)
૫. આભને ભેદે એવું મોટુ. (૫)
૮. દેવું, ઋણ (૩)
૧૦. ઠીક, સારું (૨)
૧૨. વેર, ઈર્ષા (૨)
૧૪. મૂલ્ય, કિંમત (૨)
૧૫. પ્રાણ, જાન (૨)
૧૬. કારીગરી, યુક્તિ, જાદુ (૪)
૧૯. ફૂલ (૩)
૨૧. મધ્યમ, વચલું (૩)
૨૨. બી, બિચું (૨)
૨૪. લાગ, પ્રસંગ
૨૫. ટેવ, વ્યસન (૨)
૨૬. મુખ, ચહેરો (૩)
૨૭. મુસાફર (૪)
૨૮. વાર્તા, કથા (૨)
૨૯. સરદાર, આગેવાન (૩)
૩૧. કેફ, ખુમારી (૨)
૩૨. નમેલું (૨)

ઊભી ચાવી
૧. રાવણની બહેન (૪)
૨. ઉછેરીને મોટું કરનાર (૩)
૩. એક કઠોળ (૨)
૪. સરિતા (૨)
૫. હાથી (૨)
૬. વારસ વિનાનું (૪)
૯. મોટી સંખ્યામાં નાણું (૩)
૧૧. ફરિયાદ, રાજા (૨)
૧૩. હઠ, પંચાત (૪)
૧૫. એક જાતનું ભૂત (૨)
૧૭. વિષ્ણુના સાતમા અવતાર (૨)
૧૮. વૈદ્ય, દાકતર (૩)
૨૦. ચિંતન (૩)
૨૧. શ્રીમંત, ભરપૂર (૪)
૨૩. બટન નાંખવાનું નાકું (૨)
૨૫. હોઠ (૨)
૨૬. સિંહ (૪)
૨૮. પવન (૨)
૨૯. અવાજ, ઘોષ (૨)
૩૦. ખેલ (૩)
૩૨. આંખ, લોચન (૩)
૩૩. દાન આપનાર (૨)
૩૪. એક જળચર પક્ષી (૩)
૩૫. મહિલા, સ્ત્રી

૦૨૯૬૬-૨૬૬૧ મ્ફ્રીફ્રિઝોર

આજનું પંચાંગ

તા. 19/03/2025, બુધવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1946
વીર સંવત : 2551 **માસ :** ફાગણ
તિથિ: વદ: પાંચમ:24:38, રંગ પંચમી
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ફાગણ: 28
યોગ : હર્ષણ
નક્ષત્ર : વિશાખા : 20:50 **કરણ :** કૌવલ
રાશિ: તુલા (ર,ત) 14:07 પછી વૃશ્ચિક (ન.ચ.)
દિવસ: સામાન્ય-શુક્રપશ્ચિમમાંઅસ્ત,શ્રીજયંતી
સુરતમાં સૂર્યોદય : 06:45 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:48
નવકારસી : 07:33
પારસી વર્ષ : 1394, આવાં માસનો 07મો રોજ
મુસલમાન વર્ષ : 1446, રમજાન માસનો 18મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે : 12:00 થી 13:30 સુધી

મેષ (અ,લ,ઇ,): લેવડ-દેવડમાં બેદરકારી ભારે પડી શકે છે. આરોગ્ય નરમ રહે. શત્રુઓથી સાવધાન રહેવું પડશે.
વૃષભ (બ,વ,ઉ,): વિદ્યાર્થીઓને તક મળે. પ્રેમમાં નિરાશા મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. વિવાદ ટાળવો.
મિથુન (ક,છ,ઘ,): અપેક્ષિત કામમાં અવરોધ પેદા થાય. બહારના કામનો બોજ વધશે. અણગમતા સમાચાર મળે.
કર્ક (ડ,હ,): ભાઈ -બહેન મિત્રો વગેરેનો સાથ મળવાથી નવા કામમાં પ્રગતિ થાય. નોકરીમાં અનુકૂળતા રહે.

આપની આજ
જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): પરિવારમાં વિવાદથી અશાંતિ પેદા થઇ શકે. અચાનક જૂના મિત્રો સંબંધીઓને મળવાનું થાય.
કન્યા (પ,ઠ,ણ,): ઇનામ મળી શકે છે. પરીક્ષામાં સારો દેખાવ રહે. નોકરીમાં પ્રગતિ થાય.
તુલા (ર,ત,):ખર્ચા વધશે. ગુપ્ત ભય સતાવે. સંતાનોની ચિંતા રહે. સ્વાર્થી લોકોથી સાવધાન રહેવું.
વૃશ્ચિક (ન,ય,): આવક વધે. ઉઘરાણી આવી શકે છે. વિદ્યાર્થીઓને મદદ મળે. શુભ સમાચાર મળે.
ધન (ભ,ધ,ફ,ઢ,): નવા કામ મળે. આર્થિક પ્રગતિ માટે નવી યોજના પાર પડે. નોકરીમાં જવાબદારી વધે.
મકર (ખ,જ,): અટકેલાં કામ પૂર્ણ થાય. આવક વધારવાની તક મળે. નવા ફેરફારથી કામનો બોજ વધશે.
કુંભ (ગ,સ,શ,ષ,): ધર્મ-કર્મથી શાંતિ મળે. વિદેશના કામમાં પ્રગતિ થાય. પ્રવાસનો હેતુ પાર પડશે.
મીન (દ,ચ,ઝ,થ,): પડવા-વાગવાથી સાવધાન રહેવું. કોઈની વાતમાં આવવું નહીં. ગુપ્ત ભય સતાવે.

કોઇ પણ સાલમાં 19 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન સાથે નવી જવાબદારી મળે. આવક વધારવાના પ્રયત્નો સફળ રહે. ધંધા-વ્યવસાયમાં નવી નીતિ ટેકનોલોજી અને યોજનાનો મિશ્ર લાભ મળે. ઉઘરાણી આવવાથી બચત યોજના બને. સમાજમાં પ્રતિષ્ઠા વધે. પરિવારની અપેક્ષાઓ સંતોષવાની તક મળે. સંતાનોની પ્રગતિ થાય. ઉમર લાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ કચેરીમાં અનુકૂળતા વધશે. નવા ઘર, વાહન, મકાન, મિલકત જમીન વારસા વગેરેના કામ વર્ષ દરમિયાન પાર પડતા રહેશે. આરોગ્ય સામાન્ય રહે. મિત્રો વડીલોની મદદ સામાજિક કાર્યમાં મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશના કામમાં પ્રગતિ થાય. નોકરી ઉપરાંત અન્ય કામની તક મળે. ધર્મ-કર્મથી શાંતિ મળે. પ્રવાસમાં છેતરાઈ જવાનું બને. જુલાઈ ઓગસ્ટમાં નોકરીમાં પ્રમોશનથી ઉત્સાહ વધશે. નવેમ્બર-ડિસેમ્બરમાં દોડધામની અસર તબિયત પર જોવા મળશે.

કોરોના અને 2008 કરતા ટ્રેડ વોર વધુ ગંભીર

એફઆઈઆઈએ રેકોર્ડ તોડ્યા, 1.53 લાખ કરોડ રૂપિયાના શેર વેચ્યા

2020માં 1.70 લાખ કરોડ, 2012માં 1.28 લાખ કરોડ અને 2010માં 1.33 લાખ કરોડ રૂપિયાનું જંગી રોકાણ કરવામાં આવ્યું હતું

નવી દિલ્હી, તા. 18: 2025નું ટ્રેડ વોર કોરોના અને 2008ની મંદીને ઢાંકી રહ્યું છે. એફઆઈઆઈની એકઝીટે રેકોર્ડ તોડ્યા છે. ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ.1.53 લાખ કરોડના શેર વેચ્યા છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી આઉટફ્લોના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. તેનું મુખ્ય કારણ ટ્રેડ વોરને વધુ ગાઢ બનાવવાનો ડર છે, જેના કારણે રોકાણકારોએ પણ કોરોનામાં માર્કેટના કડાકા અને 2008માં વૈશ્વિક મંદીને પાછળ છોડી દીધી છે. ચાલુ નાણાકીય વર્ષ 2024-25ને સમાપ્ત થવામાં 13 દિવસ બાકી છે, ત્યારે આ રોકાણકારોએ ચોખ્ખા 1.53 લાખ કરોડ રૂપિયાના શેર વેચ્યા છે.

ડિપોઝિટરીઝના ડેટા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષ પહેલા 1.40 લાખ કરોડ રૂપિયાનો સૌથી મોટો આઉટફ્લો 2021-22માં હતો. નાણાકીય વર્ષ 2008-09 દરમિયાન વૈશ્વિક મંદીમાં 47706 કરોડ રૂપિયા પાછા ખેંચાયા હતા. 2022-23માં 37 હજાર કરોડ રૂપિયાના શેર વેચાયા હતા. જો કે આ રોકાણકારોએ 2020-21માં સૌથી વધુ 2.74 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

ચાલુ કેલેન્ડર વર્ષમાં વિદેશી રોકાણકારોએ રૂ. 1.43 લાખ કરોડનો વિક્રમી આઉટફ્લો જોયો છે. 2025માં જાન્યુઆરીથી અત્યાર સુધીમાં કુલ 1.43 લાખ કરોડ રૂપિયાના શેર વેચાયા છે. આ પહેલા 2022માં 1.21 લાખ કરોડ અને 2008માં 52987 કરોડ રૂપિયાનું નેટ સેલ થયું હતું, જ્યારે સૌથી વધુ રોકાણ 2023માં 1.70 લાખ કરોડ રૂપિયા રહ્યું છે.

વિદેશી સંસ્થાગત રોકાણકારોએ સૌપ્રથમ 1992-93માં ભારતીય શેરબજારમાં રૂ. 13 કરોડનું ચોખ્ખું રોકાણ કર્યું હતું. 1993-94માં આ રકમ વધીને 5127 કરોડ રૂપિયા થઈ ગઈ હતી. વર્ષ 1998-99માં પહેલી વખત 10000 કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરવામાં આવ્યું હતું. વર્ષ 2007-08માં પહેલીવાર સ્થાનિક બજારમાં વિદેશી રોકાણ 50000 કરોડ રૂપિયાને પાર કરી ગયું હતું.

વિદેશી રોકાણકારોનું સ્થાનિક બજારમાં આશરે 50 લાખ કરોડ રૂપિયાનું રોકાણ છે. જ્યારે પણ એફઆઈઆઈ ભારતીય બજારમાંથી પૈસા ઉપાડે છે, ત્યારે તેની અસર આપણા બજાર પર જોવા મળે છે. આ રોકાણકારોએ આ નાણાકીય વર્ષથી નાણાં ઉપાડવાનું શરૂ કર્યું ત્યારે ઓક્ટોબરથી સેન્સેક્સ અને નિફ્ટીમાં 15 ટકાથી વધુનો ઘટાડો થયો છે. જોકે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ સારી ખરીદી કરી હોવા છતાં બજારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

એલઆઈસી ટૂંક સમયમાં હેલ્થ ઈન્સ્યોરન્સ બિઝનેસમાં પ્રવેશ કરશે

31 માર્ચ સુધીમાં સ્ટેન્ડઅલોન હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીમાં હિસ્સો ખરીદવાની જાહેરાત કરશે

નવી દિલ્હી, તા. 18: એલઆઈસી ટૂંક સમયમાં જ હેલ્થ ઈન્શ્યોરન્સ કંપનીનો હિસ્સો ખરીદી શકે છે. એલઆઈસીના એમડી અને સીઈઓ સિદ્ધાર્થ મોહંતીએ જણાવ્યું હતું કે વીમા કંપની ચાલુ નાણાકીય વર્ષ 2025ના અંત સુધીમાં એટલે કે 31 માર્ચ સુધીમાં સ્ટેન્ડઅલોન હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીમાં હિસ્સો હસ્તગત કરવાની જાહેરાત કરી શકે છે.

જોકે, સિદ્ધાર્થ મોહંતીએ એ કંપનીનું નામ જાહેર કર્યું નથી જેમાં એલઆઈસી નોંધપાત્ર હિસ્સો હસ્તગત કરવા માગે છે. મોહંતીએ મુંબઈમાં ગ્લોબલ કોન્ફરન્સ ઓફ એક્ચ્યુરીઝની બાજુમાં જણાવ્યું હતું કે, અમારી પાસે યોજનાઓ છે અને કંપની સાથેની ચર્ચા અંતિમ તબક્કામાં છે.

આ